સફલ રિનલ ટ્રાન્સપ્લાન્ટેશન (કિડનીના પ્રત્યારોપણ) માટેના જરૂરી ડોક્ટરની ટીમ, સાધનો અને સુવિધાઓથી અમારી હોસ્પિટલ સુસજ્જ છે, જેમાં શામેલ છે:

- ખુબ જ અનુભવી અને ઉચ્ચ અભ્યાસ કરેલા ડોકટર્સની ટીમ
- દર્દી અને તેમના સગા-સંબંધી માટે અનુકુળ કાઉન્સેલિંગ (પરામર્શ સેવાઓ)ની વ્યવસ્થા
- રિનલ ટ્રાન્સપ્લાન્ટના વિષય પરના નિષ્ણાતો અને મહત્વના અભિપ્રાય આપનાર લોકો ધરાવતી, ચોખ્ખા વાંધા વગરના અભિપ્રાયો આપતી રિનલ ટ્રાન્સપ્લાન્ટ કમિટી.
- ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટેની રાજ્ય સરકારની માર્ગદર્શિકાઓનું નિયમનકારી પાલન કરવું.
- કિડનીના દાતામાંથી કિડની કાઢવાથી લઇને લેનાર દર્દીમાં તેના પ્રત્યારોપણ સુધી આખી પ્રક્રિયામાં શ્રેષ્ઠ ચેપ નિયંત્રણ પ્રથાઓનું પાલન કરવું.


**ડૉ. મયુર પાટીલ**
એમ.બી.બી.એસ., એમ.ડી., ડી.એમ
**કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન**
મોબાઈલ : +૯૧-૯૭૨૭૭૬૫૭૭૯
ઇમેલ : mayur.patil@cims.org

**ડૉ. રેચલ શાહ**
એમ.બી.બી.એસ., એમ.ડી. (મેડીસીન), ડી.એમ (નેફ્રોલોજી)
**કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ એન્ડ રીનલ ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન**
મોબાઈલ : +૯૧-૯૦૯૯૦૬૨૭૫૫
ઇમેલ : rechal.shah@cims.org


CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices
Joint Commission International | NABH | NABL Certificate No. MC-3049

**સીમ્સ હૉસ્પિટલ**
રજી. ઓફિસ : પ્લોટ નં. 67/1, પંચામૃત બંગલોની સામે,
શુકન મોલની પાસે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-75 ફેક્સ : +91-79-2771 2770

**એપોઈન્ટમેન્ટ માટે ફોન : +91-79-2772 1008**
**મોબાઈલ : +91-98250 66661 ઈમેલ :** opd.rec@cimshospital.org

**24 X 7 મેડીકલ હેલ્પલાઈન +91-70 69 00 00 00**

**સીમ્સ હોસ્પિટલની એપ્લીકેશન ઉપલબ્ધ છે**

CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

**એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સેવાઓ : +91-98244 50000, 97234 50000**

# સીમ્સ નેફ્રોલોજી એન્ડ રિનલ ટ્રાન્સપ્લાન્ટ



CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices
Joint Commission International | NABH | NABL Certificate No. MC-3049

**નેફ્રોલોજી એટલે શું?**

માનવ શરીરમાં બે કિડની હોય છે, જે શરીરમાં પાછળની બાજુએ સ્થિત હોય છે. કિડનીનું કાર્ય લોહીનું શુધ્ધિકરણ કરવું અને લોહીમાંથી બિનજરૂરી તેવા ઝેરી દ્રવ્યો દુર કરવાનું છે. નેફ્રોન એ કિડનીનો મૂળભૂત રચનાત્મક અને ક્રિયાત્મક એકમ છે. નેફ્રોલોજી એ કિડનીને લગતા રોગો અને વિકૃતિઓ સાથે સંકળાયેલું વિજ્ઞાન છે.




**ડાયાલીસીસ**

જ્યારે કિડની પોતાનું કાર્ય કરવા માટે સક્ષમ ન રહે, એટલે કે તે શરીરની ઓછામાં ઓછી જરૂરિયાતને પહોંચી ન શકે અને તેના સામાન્ય પરિમાણો પણ સાચવી ન શકે, ત્યારે આ સ્વાસ્થ્ય પરિસ્થિતિની સારવાર માટે કિડનીનું કાર્ય અન્ય કુત્રિમ સાધનને સોંપવામાં આવે છે, એટલે કે ડાયાલીસીસ અથવા તો ખરાબ થઇ ગયેલ કિડનીની જગ્યાએ નવી સ્વસ્થ કિડનીનું તે વ્યક્તિના શરીરમાં પ્રત્યારોપણ કરવામાં આવે છે. એટલે કે કિડની ટ્રાન્સપ્લાન્ટ

કૃત્રિમ સાધન વડે લોહીનું શુધ્ધિકરણ કરવામાં આવે તે પ્રક્રિયાને "ડાયાલીસીસ" કહેવામાં આવે છે.

**ડાયાલીસીસના પ્રકાર**

૧. હિમોડાયાલીસીસ
૨. પેરિટોનીયલ ડાયાલીસીસ

**હિમો ડાયાલીસીસ**

- આ પધ્ધતિમાં "હિમોડાયલાઇઝર" નામના મશીન દ્વારા લોહીનું શુધ્ધિકરણ થાય છે. શુધ્ધિકરણ માટે લોહી ડાયલાઇઝર મશીનમાંથી પસાર થાય છે અને ત્યાર બાદ શુધ્ધ લોહી ફરીથી શરીરમાં દાખલ કરવામાં આવે છે.
- હિમો ડાયાલીસીસ કરાવવા માટે એવી ફિશ્ચ્યુલા અથવા ડાયાલીસીસ કેથેટરની જરૂર પડે છે. ડાયાલીસીસ કેથેટર ટૂંકા કે લાંબા ગાળા માટેનું હોય છે.
- જે દર્દીની કિડની કાયમી ધોરણે ખોરવાઇ ગઇ હોય તેમણે, નેફ્રોલોજિસ્ટની એટલે કે કિડનીને લગતા રોગો માટેના ખાસ ડોક્ટર, તેમની સલાહ અનુસાર, અઠવાડીયામાં બે થી ત્રણ વાર હિમોડાયાલીસીસ કરાવવું પડે છે.
- જે દર્દીઓની કિડનીના કાર્યમાં તીવ્ર પરંતુ કામચલાઉ ઘટાડો થયો હોય, તેઓને પણ હિમોડાયાલીસીસ કરાવવાની જરૂર પડે છે.
- આ સારવાર હોસ્પિટલમાં માત્ર અનુભવી નેફ્રોલોજીસ્ટ અને કિડનીના રોગોના સંચાલનમાં સારી રીતે પ્રશિક્ષિત સ્ટાફની દેખરેખ હેઠળ કરવામાં આવે છે.





**પેરિટોનિયલ ડાયાલીસીસ**

- પેરિટોનિયલ ડાયાલીસીસ કરવા માટેની હિમોડાયાલીસીસ જેવી જ અસરકારક એક અન્ય પધ્ધતિ છે.
- પેરિટોનિયલ ડાયાલીસીસ, જે એક લાંબા સમયગાળા માટેની સારવારની પધ્ધતિ છે એવા દર્દીઓ માટે કે જેમની કિડની કાયમ માટે બગડી ગઇ હોય અને પોતાનું કાર્ય કરવા સક્ષમ ન રહી હોય, તેને કંટીન્યુઅસએમ્બ્યુલેટરી પેરિટોનિયલ ડાયાલીસીસ (સીએપીડી) કહેવાય છે.
- આ પધ્ધતિમાં પેટના ભાગમાં એક રબરની ટ્યુબ દાખલ કરવામાં આવે છે અને ત્યાં જ સ્થાયી કરવામાં આવે છે.
- નેફ્રોલોજીસ્ટની સલાહ અનુસાર આ રબર ટ્યુબમાંથી પેરિટોનિયલ ડાયાલીસીસ માટેનું ખાસ પ્રવાહી (સોલ્યુશન) દિવસમાં ૩ થી ૪ વાર શરીરમાં દાખલ કરવામાં આવે છે.
- લોહીમાં રહેલા ઝેરી દ્રવ્યોને દુર કરવા માટે આ ડાયાલીસીસ સોલ્યુશનને પેટમાં લગભગ ૪ કલાક સુધી રહેવા દેવામાં આવે છે અને ત્યાર બાદ જ ઝેરી તત્વો વાળા આ પ્રવાહીને પેટમાંથી બહાર કાઢી લેવામાં આવે છે.
- શરીરમાં પેરિટોનિયલ સોલ્યુશન દાખલ કરવાની અને બહાર કાઢવાની ક્રિયાને દિવસમાં ૩ થી ૪ વાર કરવી જરૂરી છે.
- જે દર્દીઓ માટે એ.વી.ફિશ્ચ્યુલા અથવા લાંબા ગાળાના ડાયાલીસીસ કેથેટર વડે ડાયાલીસીસ કરાવવું શક્ય નથી તેવા દર્દીઓ માટે આ પધ્ધતિ ખુબ જ ઉપયોગી છે.
- રિનલ ટ્રાન્સપ્લાન્ટ કરાવેલ હોય તેવા દર્દીઓમાં આ પધ્ધતિ હિતાવહ નથી.

સીમ્સમાં ૬ ડાયાલીસીસના વર્ક સ્ટેશનો છે અને વર્ષ ૨૦૧૭માં હોસ્પિટલમાં લગભગ ૩૦૭૫ જેટલી હિમોડાયાલીસીસની પ્રક્રિયાઓ થયેલ છે.




- જ્યારે કોઇ દર્દીની કિડની પુરી રીતે ખરાબ થઇ ગઇ હોય કે તેનું કામ બિલકુલ જ ન કરી શકે તેમ હોય, ત્યારે તેવા દર્દીઓ માટે રિનલ ટ્રાન્સપ્લાન્ટ સારવારનો ઉત્તમ વિકલ્પ છે. કાનુની રીતે એકદમ નજીકના સગા-સંબંધીઓ, જેવા કે માતા-પિતા, દાદા-દાદી, ભાઇ-બહેન, દીકરો-દીકરી અને પતિ-પત્નિ પોતાની કિડની એક બીજો દાન કરી શકે છે.
- આ રીતના ટ્રાન્સપ્લાન્ટને "લાઇવ રિલેટેડ રિનલ ટ્રાન્સપ્લાન્ટ" કહેવામાં આવે છે.
- જે દર્દીઓમાં નજીકના સગા-સંબંધીઓ સાથે કિડની મેચ ન થાય, તે લોકો ડીસીઝ્ડ/કેડેવરિક્નિલ ટ્રાન્સપ્લાન્ટનો વિકલ્પ પસંદ કરી શકે છે. ડીસીઝ દાતા (ડોનર) /કેડેવરિક રિનલ ટ્રાન્સપ્લાન્ટ માટે બ્રેન-ડેડ દર્દીઓ (જે દર્દીઓનું મગજ કામ કરતું બંધ થઇ ગયું હોય)માંથી ઓપરેશન વડે કિડની કાઢી, તેને જરૂરિયાત વાળા દર્દીઓમાં મુકવામાં આવે છે.
- રિનલ ટ્રાન્સપ્લાન્ટ માટેનો ત્રીજો વિકલ્પ છે સ્વેપ રિનલ ટ્રાન્સપ્લાન્ટ એ દર્દીઓ માટે છે જે એક બીજાના સગા-સંબંધી ન હોય.
- રિનલ ટ્રાન્સપ્લાન્ટ માટે ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા શરૂ કરતા પહેલા કિડનીના દાતા અને લેનાર વ્યક્તિ બંને માટે ઘણા ટેસ્ટ અને પ્રક્રિયાઓ જરૂરી હોય છે.
- કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યા પછી દર્દી જીવનભર નિયમિત રીતે ડોક્ટર દ્વારા સુચવેલી જરૂરી દવાઓ લેવી પડે છે, જેથી તેમનામાં પ્રત્યારોપણ કરેલી કિડની બરાબર રીતે કાર્ય કરે.
- તેમને આખી જિંદગી નેફ્રોલોજીસ્ટ પાસે સ્વાસ્થ્ય માટેના જરૂરી સુચનો માટે ફોલો અપ માટે જવું જરૂરી છે.
- રિનલ ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશનમાં જુની કિડની કાઢ્યા વગર જ જમણી બાજુએ પેટના નીચેના ભાગમાં નવી કિડની મુકવામાં આવે છે.